# સુવાર્તાની વાર્તા પુસ્તક

## પાંચ



આ મારી સુવાર્તાની વાર્તા પુસ્તક પાંચ છે

મારું નામ છે

_______________________________

હું મારી સુવાર્તાની વાર્તા પુસ્તક પાંચ
વાંચી શકું છું

આ વાર્તાઓ સર્જનહાર ઈશ્વરના પવિત્ર પુસ્તકમાંથી છે
આ પુસ્તકના બધા ચિત્રો ભારતના આદિવાસી બાળકોએ બનાવેલા છે.

સુવાર્તાની વાર્તા પુસ્તક પાંચ. કૉપીરાઇટ 2018. ભારતમાં મુદ્રિત. વધુ માહિતી માટે સંપર્ક
કરો: WBTC India, P.O. Box 8478, Bangalore 560084. Email: info@wbtcindia.com



સર્જનહાર ઈશ્વર અહીં છે................2-19
હું જોઈ શકું છું..............................20-29
શાંતિ આપનાર............................30-36

# સર્જનહાર ઈશ્વર અહીં છે!

હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

'હું તમને સદાસર્વકાળ માટે બચાવી લઈશ.'

હું એક જુવાન સ્ત્રીને જોઈ શકું છું.

તેનું નામ મરિયમ છે.







હું સર્જનહાર ઈશ્વરની એક
સારી આત્માને મરિયમને કહેતા
સાંભળી શકું છું,

'તને એક દીકરો થશે.

તેનું નામ ઈસુ હશે.

ઈસુ સર્જનહાર ઈશ્વરના આત્માથી છે.

ઈસુ તમને સદાસર્વકાળને માટે
બચાવી લેશે.'

હું એક જુવાન માણસને જોઈ શકું છું.

તેનું નામ યૂસફ છે.

યૂસફના પૂર્વજો દાઉદ
રાજાના કુળમાંથી છે.

દાઉદ રાજા ઇબ્રાહિમના
કુળમાંથી છે.







હું સર્જનહાર ઈશ્વરને એક સારી
આત્માને કહેતા સાંભળી શકું છું,

‘જા અને યૂસફને કહે કે
મરિયમ તેની પત્ની થશે.

મરિયમને એક દીકરો થશે.

તેનું નામ ઈસુ હશે.

ઈસુ સર્જનહાર ઈશ્વરના આત્માથી છે.

ઈસુ તમને સદાસર્વકાળને
માટે બચાવી લેશે.’

સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે...







સમય વીતી ગયો.

હું સર્જનહાર ઈશ્વરને રાતના
આકાશમાં એક નવા તારાનું
સર્જન કરતા જોઈ શકું છું.

નવો તારો ચમકી રહ્યો છે...
ચમકી રહ્યો છે...ચમકી રહ્યો છે.

હું જ્ઞાની માણસોને રાતના આકાશમાં
ઉપર જોતા...ઉપર જોતા...
ઉપર જોતા...જોઈ શકું છું.

નવો તારો બતાવી રહ્યો છે...
બતાવી રહ્યો છે...બતાવી રહ્યો છે.







હું જ્ઞાની માણસોને નવા તારાનો
પીછો કરતા, એક નાના નગર તરફ...
એક નાના રસ્તા પર...એક નાના ઝોપડા
તરફ જતા જોઈ શકું છું.

હું યૂસફ, તેની પત્ની મરિયમ અને
નાના બાળ ઈસુને જોઈ શકું છું.

હું સર્જનહાર ઈશ્વરને કહેતા સાંભળી શકું છું, 'આ નાનું બાળ ઈસુ સદાસર્વકાળને માટે તમને બચાવી લેશે'







હું જ્ઞાની માણસોને નાના બાળ ઈસુ માટે ગાતા જોઈ શકું છું.

સર્જનહાર ઈશ્વર તમને સદાસર્વકાળને માટે બચાવવા એક નાના બાળક તરીકે આવ્યા છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!



એ જ રાત્રે...

હું ભરવાડોને જોઈ શકું છું.
હું ઘેટાંને જોઈ શકું છું.







હું સર્જનહાર ઈશ્વરને એક સારી
આત્માને કહેતા સાંભળી શકું છું,

‘જા અને ભરવાડોને કહે, બીશો નહિ, હું
સુવાર્તા લાવું છું.

ઈસુ તમને સદાસર્વકાળને માટે
બચાવી લેવા અહીં છે.’

હું એક મોટી, મોટી, મોટી
ચમકદાર રોશની જોઈ શકું છું.

હું જોઈ શકું છું મોટી, મોટી, મોટી
ચમકદાર રોશની એક સારી આત્મા છે.







હું સારી આત્માને ભરવાડોને
કહેતા સાંભળી શકું છું,

‘બીશો નહિ, હું
સુવાર્તા લાવ્યો છું.

ઈસુ તમને સદાસર્વકાળને
માટે બચાવી લેવા અહીં છે.

હું એક...બે...ત્રણ...
ચાર...પાંચ...છ...સાત...

ઘણી, ઘણી, ઘણી, સારી આત્માઓને
સર્જનહાર ઈશ્વર માટે ગાતા જોઈ શકું છું.







હું ઘણી, ઘણી, ઘણી સારી
આત્માઓને કહેતા સાંભળી શકું છું,

'સર્જનહાર ઈશ્વર માટે ગાઓ.

સર્વ જેઓ ઈસુ માટે ગાય છે
તેઓને શાંતિ થાઓ.'

હું ઘણી, ઘણી, ઘણી સારી આત્માઓને
આકાશમાં ઉપર...ઉપર...ઉપર...
જતા જોઈ શકું છું.

હું ભરવાડોને ઈસુ માટે
ગાતા જોઈ શકું છું.







સર્જનહાર ઈશ્વર તમને
સદાસર્વકાળને માટે બચાવવા
એક નાના બાળક તરીકે આવ્યા છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!

# હુ જાઇ શકુ છુ

ઘણા વષા વાતા ગયા.

નાનો બાળ ઈસુ હવે એક
માણસ થઈ ગયો છે.

આજે બજારનો દિવસ છે.

હું નગરમાં ઘણા લોકોને જોઈ શકું છું.

હું એક માણસને જોઈ શકું છું.
તે આંધળો છે.







હું ઈસુના શિષ્યોને કહેતા
સાંભળી શકું છું,

‘શું આ આંધળા માણસે કોઈ
ખરાબ કામ કર્યું છે જેથી તે
આંધળો જન્મ્યો છે?’

હું ઈસુને તેના શિષ્યોને કહેતા
સાંભળી શકું છું,

'ના, તેણે કોઈ ખરાબ કામ કર્યું
નથી જેથી તે આંધળો જન્મ્યો છે.

તે આંધળો એટલા માટે જન્મ્યો છે
જેથી તમે સર્જનહાર ઈશ્વરનું
સામર્થ્ય જોઈ શકો.

હું ઈસુ છું, હું તમને બચાવવા અહીં છું.'







હું ઈસુને આંધળા માણસને
સ્પર્શ કરતા જોઈ શકું છું.

આંધળો માણસ હવે જોઈ શકે છે.

હું ઈસુને કહેતા સાંભળી શકું છું,

'હું જગતનું અજવાળું છું.'

હું એક આત્મિક આગેવાનને
આંધળો માણસ જે હવે જોઈ શકે છે
તેને કહેતા સાંભળી શકું છું,

‘તારું શું કહેવું છે, એ માણસ કોણ છે જેણે
તને સ્પર્શ કર્યો?’







આંધળો માણસ જે હવે જોઈ શકે છે
તેને હું કહેતા સાંભળી શકું છું,

‘મને જે માણસે સ્પર્શ કર્યો તે ઈસુ છે.

ઈસુ તમને સદાસર્વકાળ માટે
બચાવવા આવી ગયા છે.’

હું આત્મિક આગેવાનને, આંધળા
માણસને જે હવે જોઈ શકે છે, તેને
નગરની બાહર કાઢી મૂકતા જોઈ શકું છું.







હું ઈસુને આંધળા માણસને જે
હવે જોઈ શકે છે તેને કહેતા
સાંભળી શકું છું,

'તું શું કહે છે, હું કોણ છું?'

હું આંધળા માણસને જે હવે
જોઈ શકે છે તેને ઈસુને કહેતા
સાંભળી શકું છું,

'તમે મને સદાસર્વકાળને
માટે બચાવવા આવ્યા છો.

તમે જગતનું અજવાળું છો.'







ઈસુ જગતનું અજવાળું છે.

અંધારાને દૂર કરવાનું
સામર્થ્ય ફક્ત ઈસુ પાસે છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!

# શાંતિ આપનાર

બીજો દિવસ, બીજો સમય,
બીજા સ્થળે.

હું એક માણસને જોઈ શકું છું.

તેનું નામ સિમોન છે.







હું સિમોનને ઈસુને કહેતા
સાંભળી શકું છું,

‘મહેરબાની કરીને
મારા ઘરે આવો.’

હું સિમોનને અને ઈસુને સિમોનના
ઘરની અંદર જોઈ શકું છું.

હું સિમોનના ઘરની અંદર
એક સ્ત્રીને પણ જોઈ શકું છું.

આ સ્ત્રીએ ઘણા ખરાબ
કામ કર્યા છે.

હું આ સ્ત્રીને ઈસુના પગે
પડતા જોઈ શકું છું.








હું આ સ્ત્રીને રડતા જોઈ શકું છું.

તેના આંસુ ઈસુના પગ
પર પડી રહ્યા છે.

હું આ સ્ત્રીને ઈસુના પગ
પોતાના વાળથી સાફ
કરતા જોઈ શકં છં.







હું ઈસુને આ સ્ત્રીને કહેતા
સાંભળી શકું છું,

‘તેં જેટલા પણ ખરાબ કામ
કર્યા છે તે સર્વ માટે હું
તને માફ કરું છું.

શાંતિએ જા.’

ફક્ત ઈસુ શાંતિ આપે છે.

અંધારાને દૂર કરવાનું
સામર્થ્ય ફક્ત ઈસુ પાસે છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!

